# મગ, ચણા, ઘઉં તેમજ ડાંગર, કપાસનું ઉત્પાદન વધવાના સંકેત

## ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ગોપાળાનંદ સ્વામીના ટોરડા ધામમાં અષાઢી તોલાઈ : સારા વરસાદના એંધાણ જગતનો તાત ખુશખુશાલ

ભિલોડા, તા.૨૩

સાબરકાંઠા જીલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ટોરડા શ્રી સ્વામીનારાયણ મંદીર (શ્રી ગોપાળાનંદ સ્વામીના ધામ)માં વર્ષોની પરંપરા અનુસાર અષાઢી તોલાઈ.સારા વરસાદના એંધાણ ખેડુત આલમ ખુશખુશાલ બન્યો છે. ખેડૂતો,વેપારી વર્ગ અષાઢી સાંભળવા છેલ્લા કેટલાક સમયથી તત્પર હતા.

અષાઢીના શુભ સંકેત સાંભળી ખેડૂત આલમમાં ખુશીની લહેર પ્રસરી છે. અષાઢ વદ એકમના દિવસે ભગવાનના વાઘામાં જુદા-જુદા ધાન્ય(અનાજ)સોની કાંટે તોલી પંચોની રૂબરૂ ભગવાનની બાજુમાં મુકવામાં આવે છે.બીજા દિવસે એટલે કે અષાઢી બીજના દિવસે પંચોની રૂબરૂ ફરીથી તોલવામાં આવે છે. જેમાં નીચે પ્રમાણે વધઘટ જોવા મળતાં સારા વરસાદના એંધાણ.જે મુજબ વર્તારો જોવા મળેલ છે કે આ વર્ષે વરસાદ સારો થાય પશુઓમાં રોગચાળો ફેલાય તેવું ફલીત થાય છે. આ વર્ષે અષાઢી તોલાતાં પંચોમાં (૧)રાવલ અરૂણકુમાર દલપતરામ (૨)સોની અશ્વીનકુમાર સી. (૩)પટેલ નારાયણ પી. (૪)ભાટી યોગેન્દ્રસિંહ જી. (૫)પંચાલ હસુભાઈ એસ.સહિત ટોરડા ગામના અગ્રણીઓની ઉપસ્થીતીમાં અષાઢી તોલાઈ હતી. ટોરડા ગામની પાવન પવિત્ર ભુમી ઉપર સંત શીરોમણી શ્રી સ્વામી ગોપાળાનંદજીએ દેવઅવતાર ધારણ કરેલો હતો.કાળીયા ઠાકોર શામળાજી સખા સાથે રમવા માટે ટોરડા આવતા હતા. શામળીયા ભગવાનનું પગનું ઝાંઝર ખોવાયું હતું. સાળંગપુર શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી દાદાની મુર્તીની સ્થાપના કરેલ છે. ભુલેશ્વર મહાદેવ મંદીરે ગણપતિ દાદાની મુર્તીને લાડું જમાડેલ છે.ઈડર ગઢના કળીયુગના શબરી ગણાતા સ્વ. લખુમાના આશ્રમની બાજુમાં ગુફામાં તપ કરેલ છે. અનેક ચમત્કારીક પરચાઓ રૂપી લોક કલ્યાણ કરેલ છે. ટોરડા સ્વામીનારાયણ મંદીરના મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી ટોરડા વિસ્તારના લોકસમુદાયને ભક્તિમય રસ અર્પણ કરી રહ્યા છે. વર્ષો-વરસની પરંપરા અનુસાર ટોરડા શ્રી સ્વામીનારાયણ મંદીરમાં અષાઢી તોલાઈ. સારા વરસાદના એંધાણ સાંભળી ખેડુતો આનંદની લાગણી પ્રસરી છે.



(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસ)

## શ્રીરામપુરા મઠ (જાગીર)માં ગુરૂ વંદના કાર્યક્રમ યોજાયો

ગુરૂ પૂર્ણિમા એટલે સદગુરૂના પૂજનનું પર્વ, સદગુરૂનો આદર એ કોઈ વ્યક્તિનો આદર નથી પરંતુ સદગુરૂના દેહની અંદર વિદેહી આત્મા-પરબ્રહ્મનો આદર છે. જ્ઞાનનું પૂજન છે. જે અંતર્ગત શ્રી રામપુરા મઠ (જાગીર)માં ગતરોજ ગુરૂવંદના કાર્યક્રમ યોજાયો હતો. ડીસા નગરની સમીપે આવેલું રામપુરા ગામ ઓગડ નાથજીના મઠ (જાગીર)ને કારણે સમગ્ર ગુજરાત તથા રાજસ્થાનમાં પ્રસિધ્ધ છે. રામપુરા ગામ તથા મઠની સ્થાપના શિવ સાક્ષાત્કારી શ્રી રામપુરીજી મહારાજે કરી હતી. પૂ. રામપુરીજી મહાન તપસ્વી અને ગૌ ભક્ત હતા. તથા ઓગડ નાથજીના પરમ ઉપાસક હતા. પોતાના યોગબલ વડે હંમેશા ઓગડજીની થળીએ દર્શનાર્થે જતા હતા. તેમને ઓગડજી મહારાજએ સાક્ષાત દર્શન આપ્યા સહુને પાદુકાઓ આપી જેની સ્થાપના ગોઢા ગામ પાસે છે.

વર્તમાનમાં રામપુરા મઠના ગાદીપતિ મહંત સ્થાને પૂ. રૂપપુરીજી મહારાજ બિરાજમાન છે. તેમના માર્ગદર્શનમાં રામપુરા મઠમાં અનેક વિધ ધાર્મિક તથા સમાજ સેવાના કાર્યો ચાલી રહ્યા છે. કુશળ વહિવટ કર્તા પૂ. નિર્મળપુરીજી રામપુરા મઠનું કારભારી પદ સંભાવી રહ્યા છે. રામપુરા મઠમાં ઓગડજી મહારાજ, નકળંગ ભગવાન તથા માં હિંગળાજના અવતાર સમાજ જહુ માતાની અખંડ જ્યોત છે. મઠ દ્વારા અન્નક્ષેત્ર, સદાવ્રત, ગૌ સેવા, સંત સેવા અવિરત છે. શૈક્ષણિક સંસ્થા મહંતશ્રી કૈલાશપુરી ડુંગરપુરીજી આદર્શ હાઈસ્કૂલ દ્વારા આ વિસ્તારમાં શિક્ષણની સુવિધા પુરી પડાઈ છે. જે અંતર્ગત પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ ભારતીય સંસ્કૃતિના અનેરા પર્વ ગુરૂ પૂર્ણિમાની ઉજવણી ભાવિક ભક્તો દ્વારા રામપુરા મઠ (જાગીર)માં સોમવારના ગુરૂ પૂર્ણિમાના દિવસે અનેરી શ્રધ્ધા અને ભક્તિ ભાવ પૂર્વક ગુરૂવંદના કાર્યક્રમ યોજાયો હતો.

## ડીસામાં ઓવર બ્રિજ પરથી પટકાયેલ યુવાનો પૈકી બે યુવાનોના મોત થતાં બંધ પળાયો

ડીસા, તા. ૨૩

ડીસા આર.ટી.ઓ ઓવર બ્રિજ પર ગતરોજ ત્રણ યુવાનો બાઈક પરનો કાબુ ગુમાવતા ફંગોળાઈને બ્રીજ પરથી નીચે પટકાતા એક યુવાનનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે બે યુવાનોને ગંભીર ઈજાના પગલે આગળ રીફર કરાયા હતા. જે પૈકી એક યુવાનનું ગત મોડી રાત્રે મોત નિપજતાં નાયી સમાજમાં ઘેરા આઘાતની લાગણી છવાઈ જવા પામી હતી.

મળતી માહિતી અનુસાર ભીલડી તરફથી પોતાનું બાઈક લઈ ડીસા તરફ ત્રણ યુવાનોમાં પીન્ટુ રમણભાઈ નાયી ઉ.વ.૨૨, રહે. કચ્છી કોલોની, ડીસા, હિતેશ હસમુખભાઈ નાયી ઉ.વ. ૨૫ રહે. આશાપુરા સોસાયટી ડીસા તેમજ રાજુ ખુરશીભાઈ નાયી ઉ.વ.૨૩ રહે. આસેડાવાળા બાઈક પર આવી રહ્યા હતા ત્યારે ડીસા આર.ટી.ઓ. ઓવરબ્રિજ પરથી બાઈકનો કાબુ ગુમાવતા ત્રણે નીચે ફંગોળાઈને પટકાયા હતા. જેમાં પિન્ટુનું ઘટના સ્થળે મોત અને હિતેશ અને રાજુને ગંભીર ઈજાઓને પગલે આગળ રીફર કરાયા હતા.



(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસ)

જેમાં મોડી રાત્રે એક અન્ય યુવાનનું પણ મોત નિપજ્યાના અહેવાલ સાંપડ્યા છે. આ ઘટનાથી સમગ્ર નાયી સમાજમાં ઘેરા આઘાતની લાગણી છવાઈ જવા પામી હતી જે ઘટનાને પગલે ગતરોજ બન્ને યુવાનોના અકાળે મૃત્યું ને પગલે સમગ્ર શહેર નાયી સમાજ દ્વારા પોતાના ધંધા સ્વૈચ્છિક રીતે બંધ રાખી અશ્રુભરી શ્રધ્ધાંજલિ અર્પી હતી.

## જુના ડીસા નજીક મૃત નવજાત શિશુ મળી આવતાં ચકચાર

ડીસા, તા.૨૩

ડીસાથી પાટણ જતા માર્ગ પર આવેલ સતરા શહીદની દરગાહ નજીક આવેલા નાળા નીચેથી એક નવજાત શિશુ મૃત હાલતમાં મળી આવતા શહેરમાં ચકચાર મચી જવા પામી છે. બનાવ અંગે ડીસા તાલુકા પોલીસે અજાણી મહિલા વિરુધ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ડીસા-પાટણ માર્ગ પર સતરા શહીદની દરગાહ પાસે સવારના સમયે એક નાળા નીચેથી મૃત હાલતમાં નવજાત શશુ મળી આવ્યું હતું. વાયુવગે વાત પ્રસરતા ઘટનાસ્થળે લોકોના ટોળે ટોળા જોવા માટે ઉમટયા હતા. ઘટનાની જાણ સ્થાનિક રહીશ સુરેશ હેમાઝી માળીએ ડીસા તાલુકા પોલીસને કરતા પોલીસે ઘટના સ્થળે પહોંચી અને મૃત નવજાત શિશુનો કબજો સંભાળ્યો હતો અને શિશુ મૃતદેહને મોતનું ચોકકસ કારણ જાણવા મટે પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો અને અજાણી મહિલા વિરુધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કૃત્ય અમાનવીય અને નિંદનીય હોવાથી સ્થાનિક લોકોએ યોગ્ય તપાસની માંગ કરી હતી.

## પાલનપુર પાલિકાએ જર્જરીત મકાનો ઉતારી લેવા પાંચને નોટીસ પાઠવી

પાલનપુર, તા. ૨૩

પાલનપુર શહેરના બિજેશ્વર કોલોની, બહાદુરગંજ, ઢૂંઢીયાવાડી તેમજ વિરબાઈ ગેટ વિસ્તારમાં આવેલા જર્જરીત મકાનોના માલિકોને નોટીસો પાઠવવામાં આવી છે. જેમાં હેમંતભાઈ મહાદેવભાઈ કેલા, મહીરૂદીન કાઝી, લાલાભાઈ મનસુખભાઈ પરીખ, શંકરભાઈ દેવચંદભાઈ પટેલ, લલ્લુભાઈપી. પરીખનો સમાવેશ થાય છે. રીપેરીંગ કે કાર્યવાહી નહીં કરે તો પાલિકા તેમના ખર્ચે અને જોખમે મકાનો ઉતારી લેશે જેનો વહીવટી ચાર્જ મકાનમાલિકો પાસેથી વસુલવામાં આવશે.



### બનાસકાંઠા જિલ્લામાં ટ્રાફિક નિયમો દર્શાવતા હોર્ડીંગ્સ લગાવાયા

બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા અશોકકુમાર યાદવની સૂચનાને પગલે પાલનપુર શહેર તેમજ જિલ્લાની પ્રજા ટ્રાફિક નિયમોથી માહિતગાર થાય તે હેતુસર શહેરના વિવિધ વિસ્તારોમાં ટ્રાફિક નિયમો દર્શાવતા હોર્ડીંગ્સ લગાવવામાં આવ્યા છે. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)



(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

પાલનપુરમાં પૂનમના દિવ્ય દિવસે વિવિધ સ્થળોએ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત પાલનપુર આબુ હાઈવે ખાતે આવેલ ગાયત્રી શક્તિપીઠમાં શાસ્ત્રી તુલસી ઠાકુરની ઉપસ્થિતિમાં ગુરુપૂર્ણિમા નિમિત્તે વહેલી સવારથી સપ્ત કુંડી યજ્ઞની સાથે ગુરુપૂજન અને ગુરુદિક્ષા સહિતના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. તેમજ સાંજના સમયે દિપ યજ્ઞ યોજી મહોત્સવની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

## સમી તાલુકાના મુજપુર ગામે ગુરૂપૂર્ણિમા કાર્યક્રમ યોજાયો

મહેસાણા, તા. ૨૩

ગુરૂ પૂર્ણિમાના દિવસો ગુરુજીઓની ગાદીએ શિષ્યો શ્રધ્ધાથી શીશ નમાવી આર્શીવાદ મેળવતા હોય છે ત્યારે આવો જ ગુરૂ પૂર્ણિમાનો મહાપર્વ સંતશ્રી ત્રિકમ સાહેબની જગ્યા સમી તાલુકાના મુજબુર ગામે યોજાયો હતો. જેમાં સંતશ્રી ત્રિકમ સાહેબની જગ્યામાં સતગુરૂ શંકરહંસ સાહેબની સાંનિધ્યમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે ભજન સતસંગ અને કિર્તનમાં નાનકદાસજી બાપુ તથા કિશનદાસજી બાપુએ ગુરૂનો મહિમા સમજાવી ભકતો અને શિષ્યગણને ભકિતભાવથી તરબોળ કરી દીધા હતા.

આ પ્રસંગે ઉનાવાથી ઉપસ્થિત ભાવિક ભકતોએ મહંતશ્રી શંકરહંસ સાહેબ, ડૉ. રતનદાસજી વિગેરે સદ્ગુરુઓને કુમકુમ તિલક કરી ગુરુના આર્શીવચન લીધા હતા. ભાવિક ભકતો માટે ઈશ્વરભાઈ અંબારામભાઈ પરમાર જશોદાનગર, મહેસાણાવાળા તરફથી ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

નોંધનીય છે કે, મુજપુર ત્રિકમ સાહેબની જગ્યામાં ભકિતની સાથે સાથે સદભાવના અને પરોપકારના કાર્યો પણ થતા જોવા મળે છે. જેમાં વ્યસનમુકિત ઝુંબેશ તેમજ દવાખાનું પણ ચલાવવામાં આવે છે.ગરીબ દર્દીઓને વિના મૂલ્યે દવાઓ પણ આપવામાં આવે છે.

## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

| તલોદ | | |
|---|---|---|
| મગફળી | ૬૫૦ | ૯૨૨ |
| એરંડા | ૬૯૦ | ૬૯૯ |
| ઘઉં | ૩૦૫ | ૩૪૬ |
| બાજરી | ૨૧૮ | ૨૮૮ |
| ગવાર | ૯૨૫ | ૧૪૪૨ |

| સલાલ | | |
|---|---|---|
| મગફળી | ૭૦૦ | ૮૬૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૫૫ |
| બાજરી | ૨૩૫ | ૨૬૫ |
| ડાંગર જ્યા | ૨૯૫ | ૩૧૫ |
| ડાંગર ગુજ | ૩૨૫ | ૩૫૦ |

| પ્રાંતિજ | | |
|---|---|---|
| એરંડા | ૬૭૦ | ૬૮૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૮૦ |
| બાજરી | ૨૩૦ | ૨૭૫ |
| ડાંગર ગુજ | ૩૨૫ | ૩૫૦ |
| ડાંગર જ્યા | ૨૯૫ | ૩૧૬ |

| ધનસુરા | | |
|---|---|---|
| એરંડા | ૬૭૫ | ૬૮૬ |
| મકાઈ | ૨૬૦ | ૩૦૫ |
| ઘઉં | ૩૧૦ | ૩૬૦ |
| બાજરી | ૨૪૦ | ૨૬૫ |
| ગવાર | ૯૦૦ | ૧૬૦૦ |

| ખેડબ્રહ્મા | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૧૨ | ૩૩૦ |
| ઘઉં ૪૯૬ | ૩૨૦ | ૩૬૦ |
| મકાઈ | ૨૭૫ | ૨૮૦ |
| એરંડા | ૬૮૫ | ૬૯૦ |
| મગફળી | ૭૦૦ | ૮૦૦ |

| દહેગામ | | |
|---|---|---|
| બાજરી | ૨૪૪ | ૨૭૮ |
| ઘઉં | ૩૧૦ | ૩૨૫ |
| ડાંગર | ૨૮૫ | ૨૯૫ |
| એરંડા | ૬૮૫ | ૬૮૮ |
| ગવાર | ૧૦૭૩ | ૧૧૧૮ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૦ |
| તુવેર | ૫૩૫ | ૬૬૫ |
| જુવાર | ૩૮૦ | ૩૯૩ |
| રાયડો | ૫૫૦ | ૫૭૫ |

| રખિયાલ | | |
|---|---|---|
| બાજરી | ૨૪૦ | ૨૭૫ |
| ઘઉં | ૩૦૫ | ૩૨૦ |
| ડાંગર | ૨૮૦ | ૨૯૦ |
| એરંડા | ૬૮૦ | ૬૮૫ |
| ગવાર | ૧૦૭૦ | ૧૧૧૫ |
| મકાઈ | ૨૪૦ | ૨૯૦ |
| તુવેર | ૫૩૦ | ૬૫૦ |
| જુવાર | ૩૭૦ | ૩૮૫ |
| રાયડો | ૫૨૫ | ૫૬૫ |

| હિંમતનગર | | |
|---|---|---|
| મગફળી | ૬૫૦ | ૮૭૦ |
| એરંડા | ૬૮૦ | ૬૯૦ |
| ઘઉં | ૩૧૧ | ૩૫૫ |
| બાજરી | ૨૪૫ | ૨૬૭ |
| મકાઈ | ૨૬૦ | ૨૯૦ |
| જુવાર | ૩૦૦ | ૩૦૫ |
| ગવાર | ૧૦૦૦ | ૧૧૭૦ |

| ઈડર | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૩૪૦ |
| મકાઈ | ૨૮૦ | ૩૦૦ |
| એરંડા | ૬૮૦ | ૬૯૫ |
| બાજરી | ૨૪૫ | ૨૫૨ |
| મગફળી | ૭૦૦ | ૮૯૧ |
| તલ | ૧૪૦૦ | ૧૬૫૦ |
| ગવાર | ૧૦૫૦ | ૧૨૫૦ |
| મગ | ૬૫૦ | ૬૬૫ |

| કડી | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૦ | ૩૧૯ |
| બાજરી | ૨૨૫ | ૨૫૨ |
| જવ | ૨૨૫ | - |
| જીરૂ | ૨૩૮૧ | ૨૩૮૯ |

| સિદ્ધપુર | | |
|---|---|---|
| રાયડો | ૫૯૧ | ૬૦૭ |

| (વિસનગર — પૂર્વ ભાગ) | | |
|---|---|---|
| એરંડા | ૬૭૦ | ૬૯૪ |
| ગવાર | ૧૧૦૧ | ૧૧૬૨ |
| ઘઉં | ૨૯૬ | ૩૩૬ |
| બાજરી | ૧૫૩ | ૨૭૧ |
| જુવાર | ૪૯૦ | ૫૦૦ |

| વિસનગર | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૫૧.૫૦ |
| બાજરી | ૧૮૦ | ૩૧૦ |
| રાયડો | ૫૭૫ | ૬૧૫ |
| એરંડા | ૬૭૫ | ૭૦૧.૫૦ |
| જુવાર | ૧૭૫ | ૫૧૧ |
| જવ | ૨૭૦ | ૨૭૫ |
| ગવાર | ૯૪૫ | ૧૧૭૪ |
| રજકાના બી | ૧૧૦૦ | ૨૭૦૦ |

| મહેસાણા | | |
|---|---|---|
| જવ | ૨૪૮ | - |
| જુવાર | ૩૬૧ | - |
| ઘઉં | ૨૯૩ | ૩૨૫ |
| રાયડો | ૫૨૬ | ૬૦૦ |
| બાજરી | ૨૨૪ | ૨૯૩ |
| એરંડા | ૬૭૭ | ૬૯૦ |
| અજમો | ૪૩૧ | ૭૪૦ |
| ગવાર | ૧૧૦૦ | ૧૧૪૭ |
| રજકાબી | ૧૬૦૫ | ૨૬૭૫ |

| આંબલીયાસણ | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૫ | ૩૩૩ |
| બાજરી | ૨૩૦ | ૨૭૫ |
| રાયડો | ૫૯૨ | ૫૯૩ |
| એરંડા | ૬૭૮ | ૬૮૩ |
| ગવાર | ૧૦૨૭ | ૧૦૬૩ |

| જોટાણા | | |
|---|---|---|
| ઘઉં | ૨૮૦ | ૩૨૦ |
| એરંડા | ૬૭૦ | ૬૮૬ |
| બાજરી | ૧૭૫ | ૨૧૩ |
| ગવાર | ૮૯૦ | ૧૦૯૧ |

| હારીજ | | |
|---|---|---|
| ઈસબગુલ | ૧૦૭૧ | - |
| રાયડો | ૬૦૦ | ૬૧૬ |
| એરંડા | ૬૬૦ | ૬૯૫ |
| સાસટો | ૩૦૦ | ૩૭૮ |
| બાજરી | ૨૦૭ | ૨૪૦ |
| ઘઉં | ૨૯૨ | ૩૮૩ |
| ગવાર | ૯૫૦ | ૧૧૯૩ |
| અડદ | ૫૦૦ | ૭૫૧ |
| ચણા | ૫૨૦ | ૫૬૫ |
| જીરૂ | ૨૨૦૦ | ૨૫૬૫ |
| સવા | ૬૪૦ | ૬૯૪ |
| બંટી | ૩૩૩ | - |

| કલોલ | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૪૫ |
| એરંડા | ૬૭૫ | ૬૮૬ |
| બાજરી | ૨૨૫ | ૨૮૦ |
| ગવાર | ૧૧૫૦ | ૧૧૭૦ |
| જુવાર | ૩૨૦ | ૩૬૫ |

| બાયડ | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૭૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૦ |
| બાજરી | ૨૨૦ | ૨૭૦ |
| મકાઈ | ૨૮૦ | ૨૯૫ |
| ગવાર | ૧૦૦૦ | ૧૨૦૦ |

| પાટણ | | |
|---|---|---|
| જીરૂ | ૨૩૫૧ | - |
| વરીયાળી | ૮૨૧ | ૧૧૪૧ |
| રાયડો | ૫૫૦ | ૬૨૨ |
| એરંડા | ૬૬૦ | ૬૯૫ |
| ઘઉં | ૨૯૫ | ૩૪૧ |
| જુવાર | ૨૯૫ | ૫૬૮ |
| બાજરી | ૨૩૦ | ૨૭૩ |
| ગવાર | ૭૬૦ | ૧૨૪૫ |

| ઉંઝા | | |
|---|---|---|
| જીરૂ | ૨૧૫૫ | ૨૬૬૧ |
| વરીયાળી | ૧૧૦૧ | ૧૬૭૦ |
| ઈસબગુલ | ૧૩૧૫ | - |
| રાયડો | ૫૯૬ | ૭૦૦ |
| તલ | ૧૯૦૦ | ૨૨૫૦ |

## ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

| શાકભાજી | ઓછો ભાવ | વધુ ભાવ |
|---|---|---|
| બટાટા પંજાબી | - | - |
| બટાટા દેશી | ૧૩૦ | ૨૧૦ |
| બટાટા ડીસા | ૧૬૦ | ૨૪૦ |
| ડુંગળી સૌરાષ્ટ્ર | ૪૦૦ | ૪૮૦ |
| ડુંગળી મહારાષ્ટ્ર | ૪૮૦ | ૫૨૦ |
| રીંગણ | ૨૦૦ | ૪૦૦ |
| રવૈયા | ૨૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૧૬૦ | ૨૪૦ |
| ફુલાવર | ૧૦૦ | ૩૦૦ |
| ટામેટા પાકા | ૪૦૦ | ૬૪૦ |
| દૂધી | ૧૦૦ | ૨૦૦ |
| કાકડી | ૨૦૦ | ૩૬૦ |
| ગીલોડા | ૫૦૦ | ૮૦૦ |
| મરચાં દેશી | ૧૬૦ | ૩૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૩૬૦ |
| આદુ | ૧૨૦૦ | ૨૦૦૦ |
| બીટ | ૨૦૦ | ૫૦૦ |
| ગાજર | ૧૬૦ | ૨૪૦ |
| મરચા ધોલાર | ૨૦૦ | ૯૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૫૦૦ |
| કારેલા | ૨૦૦ | ૫૦૦ |
| ભીંડા | ૨૦૦ | ૮૦૦ |
| ગવાર | ૫૦૦ | ૧૦૦૦ |
| ચોળી | ૩૦૦ | ૮૦૦ |
| ગલકા | ૧૬૦ | ૩૨૦ |
| તુરીયા | ૫૦૦ | ૭૦૦ |
| પરવર | ૪૦૦ | ૫૬૦ |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601